**કરતાં કાર્ય જગે સેવાનાં જો કદી થાકી જવાય, કાયા થાકે મન નવ થાકે, જીવતર ઉજળું એવું મનનું બળ તું આપ**

## રાજ્યમાં વધુ ૧૪૩૫૨ નવા કેસ : ગાંધીનગરમાં ૩૨૫ : અમદાવાદમાં ૫૭૨૫


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૪૭ | ૨૮ એપ્રિલ, ૨૦૨૧, બુધવાર; ચૈત્ર વદ - ૨ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦


# રાહત : દેશમાં દૈનિક કેસોમાં ઘટાડો

**છેલ્લા ૭ દિવસમાં પ્રથમ વખત નવા કેસોમાં ઘટાડો : છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩.૧૯ લાખ નવા કેસ છેલ્લા ૨૪ કલાકમાં ૨.૪૮ લાખ દર્દી સાજા થયા, એક્ટિવ કેસમાં ફક્ત ૬૭,૬૬૦નો વધારો : કોરોનાનું કેપિટલ બન્યું ભારત, સતત છઠ્ઠા દિવસે નોંધાયા ત્રણ લાખથી વધુ કેસ**



ન્યુ દિલ્હી,તા.૨૭

છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩.૧૯ લાખ નવા કેસ નોંધાયા હતા. છેલ્લા ૭ દિવસમાં પ્રથમ વખત નવા કેસોમાં ઘટાડો જોવા મળ્યો. આ દરમિયાન રેકોર્ડ ૨. ૨.૪૮ લાખ દર્દીઓ સાજા પણ થયા હતા. મહામારીની શરૂઆતથી અત્યારસુધીમાં એક દિવસમાં સાજા થનારા લોકોનો આ સૌથી મોટો આંક છે, જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૨,૭૬૨ લોકોએ જીવ ગુમાવ્યો.

એક્ટિવ કેસ એટલે કે સારવાર હેઠળના દર્દીઓની સંખ્યામાં થતા વધારા પર થોડો અંકુશ આવ્યો હોય એવું જણાઈ રહ્યું છે. ગઈકાલે એક્ટિવ કેસમાં ફક્ત ૬૭,૬૬૦નો વધારો જોવાયો હતો. આ છેલ્લા ૧૪ દિવસમાં સૌથી ઓછા છે. આ પહેલાં ૧૨ એપ્રિલના રોજ સારવાર લેતા દર્દીઓની સંખ્યામાં ૬૩,૦૬૫નો વધારો થયો છે.

નવા કેસો બાદ દેશમાં સંક્રમિતોની કુલ સંખ્યા ૧,૭૬,૩૬,૩૦૭ થઈ ગઈ છે. વળી, ૨૪ કલાકની અંદર કોરોના ૨,૭૭૧ લોકોએ દમ તોડી દીધો છે ત્યારબાદ મોતનો આંકડો ૧,૯૭,૮૯૪ સુધી પહોંચી ગયો છે. ભારતમાં હવે સક્રિય કેસ ૨૮,૮૨,૨૦૪ છે.

## બ્રિટનથી વેન્ટિલેટર-ઓક્સિજન કોન્સટ્રેટર ભારત પહોંચ્યા

નવી દિલ્હી,તા.૨૭

ભારતમાં કોવિડ-૧૯ મહામારીની વિનાશકારી બીજી લહરનો સામનો કરવામાં વેન્ટિલેટર અને ઓક્સિજન કોન્સટ્રેટરની તાત્કાલિક જરૂરિયાત પૂરી કરવા માટે મદદ માટે બ્રિટનથી લાઈફ સેવિંગ હેલ્પ પેકેજની પહેલી ખેપ આજે સવારે દિલ્હી પહોંચી. જેમાં ૧૦૦ વેન્ટિલેટર અને ૯૫ ઓક્સિજન કોન્સટ્રેટર છે. કેન્દ્રીય વિદેશ મંત્રાલયે આ જાણકારી આપી. બ્રિટન સરકારના સૂત્રોએ જણાવ્યું કે વિદેશી રાષ્ટ્રમંડળ અને વિકાસ કાર્યાલય દ્વારા ચૂકવવવામાં આવેલી આગામી ખેતનો પ્રબંધ આ સપ્તાહ દરમિયાન કરવામાં આવી રહ્યો છે જેમાં ૯ એરલાઈન કન્ટેનર લોડ સામેલ હશે. તેમાં ૪૯૫ ઓક્સિજન કન્સટ્રેટર, ૧૨૦ નોન-ઈંવેજિવ વેન્ટિલેટર અને ૨૦ મેન્યૂઅલ વેન્ટિલેટર સામેલ છે.



## રાષ્ટ્રીય સંકટના સમયે કોર્ટ મૂકપ્રેક્ષક ન રહી શકે : સુપ્રીમ

ન્યુ દિલ્હી,તા.૨૭

સુપ્રીમ કોર્ટે મંગળવારે કોરોના મહામારીના પ્રબંધન સંબંધિત ઓક્સિજનની અછત અને અન્ય મુદ્દાઓ મામલે સુનાવણી કરી. આ દરમિયાન જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડે કહ્યું કે, જ્યારે અમને લાગશે કે લોકોની જિંદગીઓ બચાવવા માટે અમારે હસ્તક્ષેપ કરવો જોઈએ, ત્યારે અમે એવું કરીશું. સુનાવણી દરમિયાન જસ્ટિસ એસ. રવીન્દ્ર ચંદ્રએ પૂછ્યું કે, સંકટનો સામનો કરાવવા માટે આપની રાષ્ટ્રીય યોજના શું છે? શું કોરોના સંકટનો સામનો કરવા માટે વેક્સીનેશન મુખ્ય વિકલ્પ છે?

કોરોના પ્રબંધન પર સ્વતઃ સંજ્ઞાન મામલાની સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે કહ્યું કે, રાષ્ટ્રીય સંકટના સમયે આ કોર્ટ મૂકદર્શક ન રહી શકે. અમારો ઉદ્દેશ્ય છે કે અમે હાઈકોર્ટ્સની મદદની સાથે પોતાની ભૂમિકા અદા કરીએ...હાઈકોર્ટ્સની પણ અગત્યની ભૂમિકા છે. સુનાવણી દરમિયાન જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું કે, આ સુનાવણીનો ઉદ્દેશ્ય હાઈકોર્ટ્સનું દમન કરવું કે તેમના કામમાં હસ્તક્ષેપ કરવાનો નથી. તેમની ક્ષેત્રીય સીમાઓની અંદર શું થઈ રહ્યું છે, તેઓ તેના વિશે વધુ સારી રીતે સમજ ધરાવે છે.

**ઓક્સિજન અને અન્ય મુદ્દે સુપ્રીમાં સુનાવણી : આ સુનાવણીનો ઉદ્દેશ્ય હાઇકોર્ટ્સનું દમન કરવું કે તેમના કામમાં હસ્તક્ષેપ કરવાનો બિલકુલ નથી : જસ્ટિસ ચંદ્રચૂડ**

જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું કે, કેટલાક રાષ્ટ્રીય મુદ્દાઓ પર સુપ્રીમ કોર્ટને હસ્તક્ષેપ કરવાની આવશ્યક્તા છે. રાજ્યોની વચ્ચે સમન્વયથી સંબંધિત મુદ્દાઓ હોઈ શકે છે. આ ઉપરાંત રાષ્ટ્રીય સંકટના સમયે સુપ્રીમ કોર્ટ મૂકપ્રેક્ષક ન હોઈ શકે.

## વેદાંતાના પ્લાન્ટમાં ઓક્સિજન ઉત્પાદન કરવા સુપ્રીમની મંજૂરી

**વેદાંત આ પ્લાન્ટમાં તબીબી ઓક્સિજનનું ઉત્પાદન કરશે  સંકટને જોતા ૩ વર્ષથી બંધ આ પ્લાન્ટ પર કોર્ટનો નિર્દેશ**

નવી દિલ્હી, તા. ૨૭

સુપ્રીમ કોર્ટેએ વેદાંતાનાં સ્ટરલાઈટ પ્લાન્ટમાં ઓક્સિજન ઉત્પાદન કરવાની મંજુરી આપી દીધી છે, કોરોના સંકટને જોતા સુપ્રિમ કોર્ટે ઉત્પાદન શરૂ કરવાનો હુકમ આપ્યો છે, તે સાથે જ સુપ્રિમ કોર્ટે નિષ્ણાતોની કમિટીની રચના કરી છે, જે એ નક્કી કરશે તેમાં કેટલા લોકોની જરૂર છે, વેદાંત આ પ્લાન્ટમાં તબીબી ઓક્સિજનનું ઉત્પાદન કરશે અને તે મફતમાં ઓક્સિજન પુરો પાડશે. હકીકતમાં, તમિળનાડુમાં વેદાંત સ્ટરલાઈટ પ્લાન્ટ ખોલવા માટે એક અરજી કરવામાં આવી હતી, જે ત્રણ વર્ષથી બંધ હતો.

વેદાંતા વતી વરિષ્ઠ એડવોકેટ હરીશ સાલ્વેએ સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું કે વેદાંતા સ્ટારલાઈટ પ્લાન્ટમાં માત્ર ઓક્સિજન પ્લાન્ટ શરૂ કરવા માંગે છે. જેના પર સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ રાષ્ટ્રીય આપત્તિ છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે રાજકીય તકરાર ન હોવી જોઈએ. એમ કહીને સુપ્રીમ કોર્ટે વેદાંતાને તુતીકોરિન કોપર પ્લાન્ટમાં માત્ર ઓક્સિજન પ્લાન્ટ શરૂ કરવાની મંજૂરી આપી દીધી છે.






## ભારતમાં પરિસ્થિતિ ભયંકર, હોસ્પિટલો દર્દીઓથી અને સ્મશાનો મૃતદેહોથી ભરેલાં-WHO

ન્યુ દિલ્હી,તા.૨૭

ભારતમાં કોરોના મહામારીને કારણે કથળેલી સ્થિતિ પર ઉઁઁએ ચિંતા વ્યક્ત કરી છે. સંગઠનના પ્રમુખ ડો. ટેડ્રોસ એડહાનોમ ગેબ્રેયેસસે જણાવ્યું હતું કે આ સમયે ભારતમાં પરિસ્થિતિ કાળજું કંપાવનારી છે. છેલ્લા કેટલાક દિવસોમાં ભારતમાં કોરોનાના દર્દીઓમાં ઝડપથી વધારો થયો છે. દર્દીઓનાં પરિવારજનો હોસ્પિટલોમાં બેડ અને ઓક્સિજનની વ્યવસ્થા કરવા માટે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી રહ્યા છે. આમાંથી પરિસ્થિતિનો અંદાજો એ બાબતથી લગાવી શકાય છે કે રાજધાની દિલ્હીમાં એક અઠવાડિયાનું લોકડાઉન લાદવામાં આવ્યું હતું. તેમણે કહ્યું હતું કે ભારત કોવિડ-૧૯ની ભયંકર લહેર સામે લડત લડી રહ્યું છે. હોસ્પિટલો દર્દીઓથી ભરેલી હોય છે. સ્મશાનઘાટો પર મૃતદેહોની લાઈન લાગી છે. આ ખરેખર હૃદય કંપાવનારી સ્થિતિ છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે ભારતમાં પોલિયો અને ટ્યૂબક્લોંસિસ સામે કામ કરતા ૨૬૦૦ નિષ્ણાતોને કોરોના વિરુદ્ધ કામ પર લગાવી દેવામાં આવ્યા છે. WHO દરેક રીતે મદદ કરવા માટે પ્રયાસ કરી રહ્યું છે. યુનાઈટેડ નેશન્સ ની આરોગ્ય એજન્સી ભારતને ઓક્સિજન કન્સન્ટ્રેટર અને હોસ્પિટલો માટે જરૂરી સાધનોનો સપ્લાઈ કરી રહ્યું છે.

સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડન વચ્ચે ફોન પર વાતચીત

## યુપીના મેરઠની હોસ્પિટલમાં ઓક્સિજન ખૂટતાં ૯નાં મોત

**દેશભરની હોસ્પિટલ્સમાં ઓક્સિજનની ભારે કમી : સૌથી મોટા રાજ્યમાં ઓક્સિજનની અછત, ઓક્સિજનની અછતથી હોસ્પિટલો પોતે જ વેન્ટિલેટર પર હોય તેવી સ્થિતિ**

મધ્ય પ્રદેશ, તા. ૨૭

દિલ્હી બાદ હવે યુપીના મેરઠમાં પણ હોસ્પિટલમાં ઓક્સિજન ખૂટી પડવાના કારણે ૯ દર્દીઓના મોત થયા બાદ હડકંપ મચી ગયો છે.

દેશના સૌથી મોટા રાજ્ય યુપીમાં ઓક્સિજનની અછત છે અને મેરઠના કેએમસી હોસ્પિટલમાં કોરોનાન નવ દર્દીઓ મોતને ભેટયા છે.જોકે તંત્રનો દાવો છે કે, ઓક્સિજન સિલિન્ડર પૂરતા પ્રમાણમાં હતા. દરમિયાન ઓક્સિજનની અછતથી હોસ્પિટલો પોતે જ વેન્ટિલેટર પર હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. અલગ અલગ હોસ્પિટલો ઓક્સિજનની અછતના કારણે હવે કોરોનાના નવા દર્દીઓને દાખલ કરવા માટે ના પાડી રહી છે. કેએમસી હોસ્પિટલના ચેરમેને કહ્યુ હતુ કે, અમારી પાસે દર્દીઓ માટે જેટલી જરુર હોય છે તેની સરખામણીમાં ઓક્સિજન બહુ ઓછો છે. આમ છતા દર્દીઓને ઓક્સિજન આપવામાં આવી રહ્યો છે.

બીજી તરફ હોસ્પિટલોનો એવો પણ આક્ષેપ છે કે, તંત્ર દ્વારા ઓક્સિજનની વ્યવસ્થા કરવાની જગ્યાએ દર્દીઓને એક હોસ્પિટલમાથી બીજી હોસ્પિટલમાં શિફટ કરવામાં આવી રહ્યા છે.

### ટેલિફોનિક બેસણું



**સ્વ. લક્ષ્મણભાઇ માધાભાઇ પટેલ**

પરિવારના સર્વે સભ્યોને અમારા પરિવાર વતી જય શ્રી કૃષ્ણ

અમારા પૂજય પિતાશ્રી સ્વ. લક્ષ્મણભાઇ માધાભાઇ પટેલ તા. ૨૩-૦૪-૨૦૨૧, શુક્રવારના રોજ દેવલોક પામેલ છે.

સદ્‌ગતનું ટેલિફોનિક બેસણું તથા સુવાળું તા. ૨૯-૦૪-૨૦૨૧ (ગુરૂવાર) ના રોજ સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ કલાકે અમારા નિવાસસ્થાન ૩૩૮/૧, સેકટર ૩B, ગાંધીનગર ખાતે રાખેલ છે.

વર્તમાન કોરોના વાયરસની સાવચેતીને પગલે રૂબરૂ બેસણું બંધ રાખેલ હોવાથી આપની લાગણી અને સંવેદના પ્રગટ કરવા ટેલિફોનિક સંવાદ રૂબરૂ આવ્યા તુલ્ય ગણાશે.

લિ. જીતેન્દ્રભાઇ લક્ષ્મણભાઇ પટેલ (પુત્ર) - 9998850391
શૈલેષભાઇ લક્ષ્મણભાઇ પટેલ (પુત્ર) - 9898630561
ભાર્ગવ જીતેન્દ્રભાઇ પટેલ (પૌત્ર)- 9033664289
સિદ્ધાર્થ જીતેન્દ્રભાઇ પટેલ (પૌત્ર)
તેજસ શૈલેષભાઇ પટેલ (પૌત્ર)
હિરેન શૈલેષભાઇ પટેલ (પૌત્ર)
ભારતીબેન પિનાકીનકુમાર પટેલ (પુત્રી)
સરોજબેન સુધીરકુમાર પટેલ (પુત્રી)


**TV રીપેરીંગ**
ગાંધીનગર માટે
LED TV, LCD TV રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઇલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬


**ઘરમાં રહો સુરક્ષિત રહો માસ્ક અવશ્ય પહેરો**

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥ २-२३ ॥

### ભાવભીની શ્રધ્ધાંજલિ



**સ્વ. કૌશિકભાઈ બાબુલાલ સુખડીયા**
પ્રમુખ : ગાંધીનગર મીઠાઈ ફરસાણ એસોસીએશન

જિંદગીનો સમય ખૂબ જ ઓછો હશે ક્યાં ખબર હતી
સેવાની ફોરમ પ્રસરાવી ચાલ્યા જશો ક્યાં ખબર હતી
સૌના હૃદય જીતી અચાનક વિદાય લેશો ક્યાં ખબર હતી
પ્રભુ આપના દિવંગત આત્માને ચીર શાંતિ આપે એ જ પ્રાર્થના

॥ નિકુંજવાસ ॥
ચૈત્ર સુદ-૧૫, તા.૨૭-૪-૨૦૨૧, મંગળવાર

॥ શોકાંજલી ॥
**ગાંધીનગર મીઠાઈ ફરસાણ એસોસીએશન દરેક સભ્યો**
તથા

| મહેશકુમાર કે. સુખડીયા<br>ઉપપ્રમુખ | દિલીપભાઈ એન. સુખડીયા<br>મંત્રી | અલ્કેશભાઈ આઈ. સુખડીયા<br>સહમંત્રી અને ખજાનચી |
| --- | --- | --- |